# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૪૯

## તારીખ.૩૦–૧૧–૨૦૧૮

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકાના શોપીગ સેન્ટરોની લાયસંસ ફી (ભાડા) ઉપર જી.એસ.ટી. વસુલ કરવામાં આવે છે તેની જે રકમ થાય તે જી.એસ.ટી. કચેરીમાં દર માસે જમા કરાવી તેનું રીર્ટન ફાઈલ કરવાના કામે પી.જી.ઠકકર એન્ડ કું ખંભાત ના ચાર્ટડ એકાઉન્ટન્ટશ્રી ને વાર્ષીક રૂપીયા. ૨૦,૦૦૦/– અંકે રૂપીયા વીસ હજાર પુરાથી રોકવા એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૩૩૮ તારીખ.૧૯–૦૧–૨૦૧૬ જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૬૬ તારીખ.૧૭–૦૩–૨૦૧૬ થી મંજુર થયેલ છે જે મુજબ પી.જી.ઠકકર એન્ડ કું ચાર્ટડ એકાઉન્ટન્ટશ્રી ખંભાતનું તારીખ.૦૧–૦૪–૨૦૧૮ થી તારીખ.૩૦–૦૯–૨૦૧૮ સુધીનું અર્ધવાર્ષીક રૂપીયા.૧૦,૦૦૦/– અંકે રૂપીયા. દસ હજાર પુરા નું બીલ નંબર. સર્વિસ ટેક્ષ/જીએસટી/૦૧/૨૦૧૮–૧૯/૧ તારીખ. ૧૮–૧૦–૨૦૧૮ આવેલ છે જે મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

# ખંભાત નગરપાલિકા, ખંભાત.

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૫૦

## તારીખ.૩૦–૧૧–૧૮

આગળનો રીપોર્ટ તથા ચીફ ઓફીસર સાહેબની ભલામણ વંચાણમાં લેતા તારીખ.૧૭–૧૦–૧૮ને બુધવારનાં રોજ ગુજરાત રાજયનાં માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સાહેબ તથા અન્ય વિશિષ્ટ મહાનુંભાવોની ઉપસ્થિતિમાં સરદાર ટાવર ખાતે નગરપાલીકાનાં વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ/ખાતમુર્હુતનો કાર્યક્રમ યોજનાર છે.જે સદર કાર્યક્રમમાં નીચે મુજબની કામગીરીની વહેચણી કાર્યાલય આદેશ સુજા.નંબર. ૧૮૬૯/તારીખ.૦૯–૧૦–૧૮થી કરવા જણાવેલ છે.

જે અનુંસંધાને સદર પોગ્રામમાં (૧)લાઉન્ડસ્પીકર ચલાવવા માટ 63K.W.નાં ૨ નંગ જનરેટર રજની ડેકોરેશન નારવાળાનાં મંગાવેલ તેમને તે ૨નંગ મોટા જનરેટરનાં ૧૮૦૦૦/રૂ.કિમંતેથી ભાડેથી મંગાવેલ જે તારીખ.૧૫–૧૦–૧૮ના રોજ એડવાન્સ લઈ તેમને ચુકવેલ છે.(૨)ચગડોળગ્રાઉન્ડમાં સ્ટેજ પાટીયાનું બનાવેલ તેમાં પ્લાયવુડ મારવાનું શ્રીકલેકટર સાહેબે આદેશ કરેલ જે ચીફઓફીસરશ્રીએ સદર કામગીરી કરાવવા જણાવેલ જે ૩૦×૨૦નાં પાટીયાવાળા સ્ટેજ પર પ્લાયવુડની સીટ ભાડેથી મારવાની કામગીરી રાજ ફર્નીચર પાસે ૧૯,૦૦૦/રૂ.કિમંતેથી કરાવેલ જેનાં તેમને તારીખ.૨૯–૧૦–૧૮ના રોજ એડવાન્સ લઈ ચુકવેલ છે.તથા (૩) સ્ટેજ પર સ્ટેન્ડ પંખા મુકવા ધારાસભ્યશ્રીએ જણાવેલ જેમનાં આદેશ અનુંસાર મે. પ્રમુખસાહેબે સ્ટેજ પર ૪નંગ નવા ખરીદી કરી સ્ટેન્ડ પર મુકવા જણાવેલ જે ૪નંગ રવિ કંપનીનાં સ્ટેન્ડ પંખા ૯૬૦૦/રૂ.કિમંતેથી બરબરાવાલા ઈલેકટ્રીક પાસેથી ખરીદી કરેલ જેનાં તેમને તારીખ.૨૯–૧૦–૧૮નાં રોજ એડવાન્સ લઈ ચુકવેલ છે.તથા (૪)ચગડોળ ગ્રાઉન્ડનો લોડનો ટેસ્ટ રીપોર્ટ ભરાવવાનો હોવાથી જે નડીયાદથી આવેલ ઈલે.એન્જી.તથા ઈલે.ઈસ્પે.શ્રી ફેઝ 17K.W.નો ટેસ્ટ રીપોર્ટ ભરવા જણાવેલ જે 17K.W.નો ટેસ્ટ રીપોર્ટ શ્રીહિના ઈલેકટ્રીક એન્જીનીયરીંગ વર્કસવાળા પાસે ૧૭૦૦/રૂ.કિમંતેથી ભરાવેલ જેનાં તેમને તારીખ.૨૯–૧૦–૧૮નાં રોજ એડવાન્સ લઈ ચુકવેલ છે.

ઉપરોકત જણાવેલ અં.નં.૧થી ૪માં જણાવેલ લોકાપર્ણનાં તથા

ખાતમુર્હતનાં કાર્યક્રમની કામગીરી કરાવેલ તેમાં અં.નં. ૧ થી ૪માં જણાવેલ એજન્સીઓને એડવાન્સ ચુકવેલ જે ખર્ચ મંજુર કરવામાં આવે છે. તથા તે ચુકવેલ એડવાન્સનાં લાકાપર્ણ તથા ખાતમુર્હતનાં કાર્યક્રમમાં થયેલ ખર્ચ પેટે પાડવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી

ચેરમેન

એકઝીકયુટીવ કમીટી

ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ

સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા

સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ

સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી

સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ

સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

# ખંભાત નગરપાલિકા, ખંભાત.

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૫૧

## તારીખ.૩૦–૧૧–૧૮

આગળનો રીપોર્ટ તથા ચીફ ઓફીસર સાહેબની ભલામણ વંચાણમાં લેતા તારીખ.૨૪–૧૦–૧૮ના રોજ ખંભાત શહેરમાં સાંજે ૫–૦૦કલાકે "એકતા રથ" આવવાનો હોવાથી તેનાં અનુંસંધાને "એકતા રથ"નાં સ્વાગત માટે પાણીયારી મેદાનમાં પ્રાંત અધિકારીશ્રી ખંભાતની તારીખ.૨૨–૧૦–૧૮ની મીટીંગમાં આપેલ મૌખિક સદર કામગીરી કરવા જણાવેલ જે આપશ્રી સાહેબે ૧૫×૨૦નું સ્ટેજ ૨૦૦ નંગ પ્લાસ્ટીક ખુરશી ૧૨નંગ સ્ટીલનાં સોફાનાં ૩ ફેરા લાવવાનાં તથા ૩ ફેરા લઈ જવાનાં કુલ.૨૫૦૦/રૂ.ભાડેથી ગુડલક ગાદલા સેન્ટર પાસેથી મંગાવેલ જે મંજુર કરવામાં આવે છે.તથા સ્ટેજ પરદો તથા મંડપ તથા સ્ટેજ પર કારપેટ તથા પાણીયારી ગ્રાઉન્ડમાં કારપેટ તથા લાઉન્ડ સ્પીકર નાં ૪૦૦૦/રૂ.ભાડેથી ક્રિષ્ના લાઈટ ડેકોરેશનવાળા પાસે બંધાવવા જે મંજુર કરવામાં આવે છે. તથા "એકતારથ" ની કરેલ કામગીરીનાં રોકડસિલકમાંથી ચુકવવા મંજુર કરવા માં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

## ખંભાત નગરપાલિકા, ખંભાત.
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૫૨
## તારીખ.૩૦–૧૧–૧૮

આગળનો રીપોર્ટ તથા ચીફ ઓફીસર સાહેબની ભલામણ વંચાણમાં લેતા તારીખ.૧૪–૧૦–૧૮નાં રોજ ખંભાત શહેરમાં પાવર બંધ હતો ને તારીખ.૧૪/૧૦/૧૮ ને રવિવારનાં રોજ નગરપાલીકા ઓફીસની કામગીરી ચાલુ રાખેલ જે તારીખ.૧૭/૧૦/૧૮ ના રોજ લોકાપર્ણ કાર્યક્રમ રાખેલ તેની કામગીરી માટે નગરપાલીકા ઓફીસ ચાલુ રાખેલ હતી તે દિવસે ખંભાત શહેરમાં પાવર બંધ હોવાથી નગરપાલીકાની કામગીરી કરવા માટે 35K.W. નું મોટું જનરેટર ભાડેથી મંગાવવા મે.પ્રમુખસાહેબે આદેશ કરેલ જે આદેશનાં અનુંસંધાને તારીખ.૧૪–૧૦–૧૮ને રવિવારનાં રોજ ન.પા.માં 35K.W.નું મોટું જનરેટર ૪૦૦૦/રૂ. ભાડેથી મેધના મંડપ ડેકોરેશનવાળા પાસે ભાડેથી મંગાવેલ જે મંજુર રાખવામાં આવે છે.તથા તેનાં તેમને રોકડસિલકમાંથી ચુકવવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૫૩
## તારીખ.૩૦–૧૧–૨૦૧૮

આજ રોજ તારીખ.૩૦–૧૧–૨૦૧૮ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે ગુ.ન.પા. અધિનિયમ ૧૯૬૩ની કલમ ૧૧૫, ૧૧૬ અને ૧૧૭ અનુસાર શહેરની ખાનગી મીલકતોની નામ ટ્રાન્સફર અંગેની આવેલ અરજીઓનો ક્રમ ૧ થી ૫૩ મુજબની ટેક્ષ વિભાગ તરફથી ચીફ ઓફીસરશ્રી મારફતે રજુ થયેલ છે જે ચર્ચા વિચારણાની અંતે યોગ્ય જણાવેલ હોઈ સદરહુ અરજીઓ મુજબની તમામ મીલકતોના નામ ટ્રાન્સફર કરવાની મંજુરી આપવામાં આવે છે તદઅનુસારની નોંધ આકારણી રજીસ્ટર અને ડીમાન્ડ રજીસ્ટરે કરવા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે. અને ટેક્ષ વિભાગ તરફથી જાહેરાત આપેલ તેમાં કોઈ વાંધા અરજી આવેલ નથી જેથી વર્ષ ૨૦૧૮–૨૦૧૯ ના નાણાંકીય વર્ષમાં આખરી કરાવેલ ડીમાન્ડ મંજુર રાખવામાં આવે છે અને તે મુજબ અમલવારી કરવાની રહે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૫૪
## તારીખ.૩૦–૧૧–૨૦૧૮

આજ રોજ તારીખ.૩૦–૧૧–૨૦૧૮ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે શહેરની ખાનગી મીલકતો જે એકત્ર કરવા ભાગ પાડવા નામ શેષ (ખંડેર) કરવા ધંધાકીય (બીન રહેણાંક) કરવા તથા નંબર કમી કરવા આવેલ અરજી નંબર ૧ થી ૩૭ સુધીની અરજીઓની ઝોનલ ઓફીસરની મારફતે સ્થળ તપાસનો રીપોર્ટ – મુજબની ચીફ ઓફીસરની મારફતે રજુ થયેલ સદરહુ અરજીઓમાં નિયમ મુજબ ફેરફાર કરવા તથા આકારણી રજીસ્ટરે તથા ડીમાન્ડ રજીસ્ટરમાં સુધારા મંજુર તથા તે માટે ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

## ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર : ૨૫૫
## તારીખ :–૩૦–૧૧–૨૦૧૮

આથી ઠરાવવામાં આવે છે કે સરકારશ્રી ધ્વારા ચાલતા સ્વચ્છ સર્વેક્ષણ – ૨૦૧૯ અંર્તગત ખંભાત નગરપાલિકા હદ વિસ્તારમાં ડોર ટુ ડોર વેસ્ટ કલેકશનની કામગીરી ૧૦૦% કરવા હેતુથી નીચે જણાવેલ શરતોથી આપવા નકકી કરવામાં આવે છે.

(૧) ખંભાત નગરપાલિકા હદમાં આવતાં તમામ વિસ્તરોની તમામ રહેણાંક તથા વાણિજય મિલ્કતો જેમાં શેરી, મહોલ્લા, સોસાયટી, કોમ્પલેક્ષ, દુકાનો, માર્કેટ, અન્ય તમામ મિલ્કતોમાંથી રોજે–રોજ વેસ્ટ કલેકશનની કામગીરી જેમાં સુકો તથા ભીનો કચરો જુદો લેવાનો રહેશે.

(૨) ડોર ટુ ડોર વેસ્ટ કલેકશનની કામગીરીનો કરાર અંગ્રેજી ત્રણ વર્ષની મુદત માટેનો રહેશે.

(૩) ઉપરોકત ડોર ટુ ડોર વેસ્ટ કલેકશન કામગીરીમાં રોજે રોજ એકે વાર કચરો કલેકટ કરવાનો ફરજીયાત રહેશે.

(૪) વાર તહેવારોમાં તેમજ અમુક પ્રસંગોપાત તેમજ રોગચાળા તથા કુદરતી આફત સમયે નગરપાલિકાની સુચના અનુશાર જરૂરત વાળા વિસ્તારોમાં વધુ વેસ્ટ કલેકશન કરવાનો રહેશે. આ અંગે વધારાનો કોઈ ચાર્જ આપવામાં આવશે નહિ.

(૫) સદર કામગીરીમાં નગરપાલિકા ધ્વારા જે સાધનો આપવામાં આવે તે સાધનોની સંપૂર્ણ માવજત ઈજારેદારે ચોકસાઈથી રાખવાની રહેશે.

(૬) નગરપાલિકા ધ્વારા મળેલ વાહનોમાં ડીઝલ, તેમજ મેન્ટનશની સંપૂર્ણ જવાબદારી ઈજારેદારની રહેશે.

(૭) ઈજારો પુર્ણ થતાં સમયે નગરપાલિકા ધ્વારા વાહનો જે કંન્ડીશનમાં મેળવેલ તેવી જ કંન્ડીશનમાં પરત કરવાની જવાબદારી ઈજારેદારની રહેશે.

(૮) સદર કામની અર્નેસ્ટમની રકમ રૂા. ૧,૦૦,૦૦૦/– અંકે એક લાખ રૂપિયા પુરા ઈજારેદારે કરાર કરવાના સમયે નગરપાલિકામાં જમા કરાવાની રહેશે.

(૯) ડોર ટુ ડોર વેસ્ટ કલેકશનની કામગીરી દરમ્યાન જો કોઈ મિલ્કતમાંથી નિયમીત કચરો નથી ઉઘરાવતા તેવી ફરીયાદો દીઠ રૂા.૧૦૦/– ઈજારેદાર પાસેથી – વસુલવામાં આવશે. સદર રકમ તેઓના બીલમાંથી કાપી લેવામાં આવશે.

(૧૦) ડ્રાયવરો તથા હેલ્પરો વિગેરેને આપવાનું થતું મહેનતાણું ઈજારેદારે ચુકવવાનું રહેશે. તેમાં નગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહિ.

(૧૧) ડ્રાયવરો તથા હેલ્પરો રાખવામાં આવે તેના નામ, મોબાઈલ નંબર, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડની વિગતો રજુ કરવાની રહેશે. ચેપી રોગ અથવા ગંભીર બિમારીવાળા કર્મચારી ઈજારેદાર રાખી શકશે નહિ.

(૧૨) સુપરવાઈઝરનું નામ મોબાઈલ નંબર રજુ કરવાના રહેશે.

(૧૩) વાહનોની લોગબુક, હીસ્ટ્રીસીટ નિયમીત નિભાવવાની રહેશે.

(૧૪) રોજે રોજ સવારના ૮–૦૦ થી ૧૧–૦૦ કલાક વાગ્યા સુધીમાં તમામ મિલ્કતો ડોર ટુ ડોર કલેકશન કવર કરવાનું રહેશે.

(૧૫) દરેક ખડકી, મહોલ્લા, સોસાયટીઓમાં તેમજ જાહેર માર્ગે ૧૦ થી ૧૫ ફુટના અંતરે વાહન ઉભુ રાખી કચરો કલેકશન કરવાનો રહેશે.

(૧૬) નગરપાલિકા વખતો વખત સુચનાઓ આપે અથવા તો શરતોમાં ઉમેરો કરવાનો થાય તો આ બાબતે નગરપાલિકાનો હકક અબાધિત રહેશે. તેમાં ઈજારેદાર વાધો વિરોધ કરી શકશે નહિ. અને તે ઈજારેદારને બંધનકર્તા રહેશે.

(૧૭) કોઈપણ મડાગાંઠ પ્રસંગે આખરી નિર્ણય નગરપાલિકાનો ગણાશે. તેમજ સદર બાબતો એ ઈજારેદાર કોઈપણ પ્રકારની તકરાર કરી શકશે નહિ. અને ન્યાયક્ષેત્ર ખંભાત રહેશે.

(૧૮) સદર કામે ભાવો મંગાવવા માટે દૈનિક પેપેર " નયા પડકાર" આણંદ જીલ્લા આવૃતિમાં જાહેરાત પ્રસિધ્ધ કરવા જરૂરી થતાં ખર્ચથી પ્રસિધ્ધ કરાવવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર : ૨૫૬

## તારીખ :–૩૦–૧૧–૨૦૧૮

આથી ઠરાવવામાં આવે છે કે સરકારશ્રી ધ્વારા ચાલતા સ્વચ્છ સર્વેક્ષણ–૧૯ અંર્તગત ડેટા ઓપરેટરની નિયુકિત માટે પ્રથમ પ્રયત્ન નિષ્ફળ જતાં બીજા પ્રયત્ને વોક ઈન ઈન્ટરવ્યુ માટે દૈનિક પેપર " નયા પડકાર " આણંદ જીલ્લા આવૃતિમાં જાહેરાત પ્રસિધ્ધ કરવા જરૂરી થતાં ખર્ચથી પ્રસિધ્ધ કરાવવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર : ૨૫૭

## તારીખ :–૩૦–૧૧–૨૦૧૮

આથી ઠરાવવામાં આવે છે કે સેનીટેશન ખાતા ધ્વારા ચાલતા ડ્રેનેજ પંપીંગ – સ્ટેશનોમાં ચાલતા પંપસેટોથી આઉટપુટ પુરતં મળતુ ના હોવાથી ગટરલાઈનો ભરાયેલ રહેતી હોવાથી વધુ પંપસેટ ગોઠવવા ૨૦ એચ.પી.સુએજ વર્ટીકલ પંપ સેટ, જયોતી સ્ટાર્ટર તથા ૪''ની ડીલીવરી લાઈનફીટીંગ સાથેના ૬સેટ માટે ભાવો મંગાવતા સૌથીઓછા ભાવો શકિત એન્જી.વર્કસ, વત્રા વાળાના એક સેટના ભાવ રૂા.૭૬,૨૪૦/–થી ૬ (છઃ) સેટ રૂા.૪,૫૭,૪૪૦/–થી ૧૪માં નાણાં પંચની ગ્રાન્ટમાંથી ખરીદ કરવા મંજુર.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

<u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>

<u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર : ૨૫૮</u>

<u>તારીખ :–૩૦–૧૧–૨૦૧૮</u>

આથી ઠરાવવામાં આવે છે કે સરકારશ્રી ધ્વારા ચાલતા સ્વચ્છ સર્વેક્ષણ – ૨૦૧૯ અંર્તગત ડોર ટુ ડોર વેસ્ટ કલેકશનની કામગીરી ૧૦૦% કરવા હેતુથી એજન્સી નિયુકત કરવાની થતી હોય સદર કામે ભાવો મંગાવવા માટે દૈનિક પેપર " નયા પડકાર" આણંદ જીલ્લા આવૃતિમાં જાહેરાત પ્રસિધ્ધ કરવા જરૂરી થતાં ખર્ચથી પ્રસિધ્ધ કરાવવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

## ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર : ૨૫૯

## તારીખ :–૩૦–૧૧–૨૦૧૮

આથી ઠરાવવામાં આવે છે કે સેનીટેશન ખાતાના કન્ટેનર ઉપાડતું ટ્રેકટર નંબર. જીજે ૨૩ જી ૦૪૨૮ ચાલુમાં ઢાળના ચઢતાં ફોરમેન પાસે તપાસ કરાવતા સદર ટ્રેકટરની કલચ પ્લેટ ખરાબ થઈ ગયેલ હોય નવી નંખાવવાનો એસ્ટીમેન્ટ કઢાવતાં મજુરી સાથે – રૂા.૧૧,૦૦૦/– થતો હોય સદર ખર્ચથી ટ્રેકટર નંબર : જીજે ૨૩ જી ૦૪૨૮ના કલચનું કામ રૂા.૧૧,૦૦૦/–ના ખર્ચથી કરાવવા મંજુર.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

# <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>
## <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૬૦</u>
## <u>તારીખ.૩૦–૧૧–૨૦૧૮</u>

આથી ઠરાવ કરવામાં આવે છે કે સ્વચ્છ ભારત મિશન અર્બન ગુજરાત ગાંધીનગરના પત્ર કંમાંક સભમ/૧૦૨૦૧૮/૨૧૦૨/એસ.બી.એમ.સેલ/ તારીખ.૨૫–૦૯–૨૦૧૮ના પત્ર અન્વયે ખંભાત શહેરને ઓ.ડી.એફ+ બાબતે ખંભાત શહેરને ખુલ્લામાં થતી શૌચકીયામાંથી મુકત નગરપાલિકા જાહેર કરવા બાબતે શહેર નગરજનોના પ્રતિભાવ, મુદ્દાઓ, સુચનો મંગાવવા બહોળી પ્રસિધ્ધિ અર્થે નયા પડકાર દૈનિકમાં તારીખ.૧૭–૧૦–૨૦૧૮થી પ્રસિધ્ધ કરેલ તથા સરદાર ગુર્જરીમાં પણ પ્રસિધ્ધ કરેલ જે અંગેનો જરૂરી ખર્ચ મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

## ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૬૧

## તારીખ.૩૦–૧૧–૨૦૧૮

આથી ઠરાવ કરવામાં આવે છે કે સરદાર ટાવર પાસે આવેલ ધર્મશાળાની એ.સી. રૂમો, નોન એ.સી.રૂમો, એ.સી. હોલ, નોન એ.સી. હોલ વિગેરેની દેખરેખ તેને સંલગ્ન કામગીરી કરવા માટે નીચે જણાવેલ કર્મચારીઓને કોલમ નંબર. ૪ માં જણાવેલ મુજબની અગીયાર (૧૧) માસના કરાર આધારીત નીચે શરતોને આધીન નિમણુંક કરવામાં આવે છે અને તેમને તે અંગેની થતી કામગીરી નીચે મુજબ કરવાની રહેશે.

| અ.નં | નામ | પગાર | હોદ્દો | રીમાર્કસ |
|---|---|---|---|---|
| (૧) | શ્રી રામેશ્વર પાંગલા મોહનપુરા | ૧૨૦૦૦/– | સીનીયર એટેન્ડેન્ટ તથા રાત્રીના ૧૨–૦ થી સવારે ૮–૦ વોચમેનની કામગીરી | ફુલ ટાઈમ |
| (૨) | શ્રી હીતેશભાઈ જેઠાભાઈ પ્રજાપતી | ૭૫૦૦/– | ઈલેકટ્રીશીયન | ફુલ ટાઈમ |
| (૩) | શ્રી મુકેશભાઈ કાંતીભાઈ ઠાકોર | ૫૦૦૦/– | એટેન્ડેન્ટ | ફુલ ટાઈમ |
| (૪) | શ્રી સંજયભાઈ કિરીટભાઈ દરજી | ૬૦૦૦/– | વોચમેન સવારે ૮–૦ થી સાંજના ૭–૦ | |
| (૫) | શ્રી નરેન્દ્રભાઈ બિહારીભાઈ મિસ્ત્રી | ૬૦૦૦/– | વોચમેન બપોરે ૧૨–૦ થી રાત્રીના ૧૨–૦ | |
| (૬) | શ્રી ટીનાબેન વસંતભાઈ ચુનારા | ૪૦૦૦/– | પટાવાળા/ફરાસ | |

**શરતો** :–

(૧) ધર્મશાળામાં કામગીરી માટે રોકવામાં આવતા ઉપરોકત કામદાર કોઈપણ રીતે નગરપાલિકાનો કર્મચારી ગણવામાં આવશે નહી કે તે કર્મચારી નગરપાલિકાના કાયમી કર્મચારી થવા અંગેનો હકકદાર રહેશે નહી કે આ અંગે કોઈપણ પ્રકારનો હકક કે દાવો મજુર અદાલતમાં કે અન્ય કોઈ કોર્ટમાં કરી શકશે નહી.

(૨) ધર્મશાળામાં કામગીરી માટે રોકવામાં આવતા કામદારે રૂપીયા.૫૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર લેખીત કરારખત કરવાનું રહેશે અને એક માસની નિયત મહેનતાણાની રકમ નોટીસ પગાર તરીકે આપીને કરારનો અંત લાવી શકશે.

(૩) કરારના સમય દરમ્યાન કામદારનું અવસાન થાય તો તેમનો બજાવેલી ફરજોના સમયગાળાની નિયત મળવા પાત્ર મહેનતાણાની લ્હેણી રકમ તેઓના વારસદાર/

કુટુંબીજનોને મળવા પાત્ર થશે પરંતુ અન્ય કોઈ બીજા લાભ એકસગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષાંગીક લાભો મળવા પાત્ર થશે નહી કે આ અંગે કોઈ કોર્ટમાં દાવો કરી શકાશે નહી.

(૪) ધર્મશાળામાં કામગીરી કરવા રોકાયેલ કામદાર અન્ય કોઈ પાર્ટ ટાઈમ નોકરી કરી શકશે નહી કે કોઈપણ પ્રકારની રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લઈ શકશે નહી.

(૫) કરારના સમય દરમ્યાન અયોગ્ય કામગીરી, કામગીરીમાં બેદરકારી કે ગેરશિસ્ત આચરતા જણાશે તો કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય કોઈપણ સમયે કરારનો અંત લાવી છુટા કરી દેવામાં આવશે.

(૬) વ્યવસાય વેરાની કપાત નિયત મહેનતાણાની રકમમાંથી કાપી લેવામાં આવશે.

(૭) કરારના સમય દરમ્યાન કામદારે બજાવેલ કામગીરી અંગે કોઈપણ પ્રકારની ફોજદારી કે દીવાની કાર્યવાહી સબબ નગરપાલિકાની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહી.

<u>અ.ન.૧ વાળા કર્મચારીએ કરવાની થતી કામગીરી :–</u>

(૧) ધર્મશાળાની એ.સી / નોન એ.સી. રૂમ તથા એ.સી / નોન એ.સી. હોલ, યાત્રીક ભવન વિગેરેનું સફાઈ વ્યવસ્થા ઉપર દેખરેખ રાખવાની રહેશે તથા તેમાં નિયુકત કરેલ કામદારો પાસેથી કામગીરી કરવાની રહેશે.

(૨) ધર્મશાળામાં ઉતરનાર યાત્રીક કે હોલ ભાડે રાખનાર રૂમ કે હોલની અંદર પંખા, ફ્રીઝ, ટી.વી. ડબલ બેડ પલંગ, ગાદલા, ચાદર, ઓશીકા, રજાઈ, ખુરશી, ટેબલ, કબાટ કે અન્ય કોઈપણ મિલકતને નુકશાન ન થાય તેનું ધ્યાન રાખવું અને ઉતરનારે નુકશાન કરેલ હોય તો તેની જાણ ધર્મશાળાના કલાર્કને કરવી તે હાજર ન હોય તો ઉતરનાર પાસેથી નુકશાની પેટે તે અંગે થતી રકમ વસુલ લેવી.

(૩) તમોને ધર્મશાળા કલાર્ક અથવા અધિકારીશ્રી જે સમયની ફરજ બજાવવાની સોપે તે મુજબ તે સમય મુજબ ફરજ બજાવવી.

(૪) એ.સી./નોન એ.સી. હોલ ભાડે રાખનારને ખુરશી ગણીને આપવી અને તે ગણીને પરત લેવી તથા નુકશાન કરેલ ખુરશીની જાણકારી ધર્મશાળા કલાર્કને કરવી જેથી તેની નુકશાની તેઓની પાસેથી વસુલ કરી શકાય.

(૫) એ.સી./નોન એ.સી. હોલ ભાડે રાખનાર તે હોલમાં નાસ્તો / ભોજન પીરશે તો તેની જાણકારી ધર્મશાળા કલાર્કને તાત્કાલીક કરવાની રહેશે અને તેમ કરતાં અટકાવવાના રહેશે.

(૬) ધર્મશાળાનો મુખ્ય દરવાજો રાત્રીના ૧૧–૩૦ પછી બંધ કરવાનો રહેશે તથા સવારે ૫–૩૦ કલાકે ખોલવાનો રહેશે.

(૭) ધર્મશાળામાં એ.સી./નોન એ.સી.રૂમ ભાડે રાખનાર કે યાત્રીક ભવનમાં ઉતારો

લેનાર યાત્રીક કોઈપણ પ્રકારની પ્રતિબંધિત કાર્યવાહી (કેફી પીણાનું સેવન/ચરસ ગાંજાનું સેવન) કરતાં માલુમ પડે તો તુરત જ તેમને તેમ કરતાં રોકી પોલીસને સ્વાધીન કરવાના રહેશે.

(૮) ધર્મશાળામાં એ.સી./નોન એ.સી. હોલ કે રૂમ ભાડે રાખનાર સમયસર હોલ ખાલી કરે તેની તકેદારી રાખવાની રહેશે.

<u>અ.ન.૨ વાળા કર્મચારીએ કરવાની થતી કામગીરી :–</u>

(૧) સ્થંભતીર્થ કોમ્પ્લેક્ષ તથા ધર્મશાળા વિભાગની એ.સી./નોન એ.સી. રૂમ, હોલ તથા એ.સી./નોન એ.સી. હોલ, પાર્કીંગ હોલ, વિગેરે ઈલેકટ્રીક લગતું દેખરેખ રાખવાની રહેશે.

(૨) સ્થંભતીર્થ કોમ્પ્લેક્ષ તથા ધર્મશાળા વિભાગમાં લાઈટ, પંખા, એ.સી./નોન એ.સી. રૂમો, ફ્રીઝ, ટી.વી., વાયરીંગ વિગેરે બગડી જાય તો રીપેરીગ કરવાની રહેશે તે અંગેનો રીપોર્ટ તમારે ધર્મશાળાના કલાર્કને આપવાનો રહેશે.

(૩) બલ્બ, ટયુબ વિગેરે બંધ પડી જાય તો તે ધર્મશાળા કલાર્ક પાસે રીપોર્ટ રજુ કરી નગરપાલિકાના લાઈટ વિભાગમાંથી મેળવી તે બદલી લેવાના રહેશે.

(૪) ઉતારૂ રૂમો કે હોલ પરત સોપે ત્યારે તે સમયે ઈલેકટ્રીક ઉપકરણનું ચેક કરી લેવાનું રહેશે અને નુકશાન થયેલ હોય તો તે નુકશાની નાણાં ઉતારૂ પાસેથી વસુલ કરવાના રહેશે અને તે અંગે જાણ તમારે ધર્મશાળાના કલાર્કને કરવાની રહેશે.

(૫) કોમ્પ્લેક્ષ કે ધર્મશાળામાં કોઈ લાઈનમાં ખરાબી જણાય તો તે લાઈન તુરત જ બદલવાની રહેશે અને તે માટે જરૂરી માલ સામાન ધર્મશાળા કલાર્ક પાસે રીપોર્ટ રજુ કરી નગરપાલિકાના લાઈટ વિભાગમાંથી તે માલ સામાન મેળવી લેવાનો રહેશે.

(૬) ધર્મશાળામાં હોલ / રૂમ ભાડે રાખનાર લાઈટ, પંખા ચાલુ રાખીને ના જાય તેની તકેદારી રાખવાની રહેશે.

(૭) કોમ્પ્લેક્ષમાં રાખવામાં આવેલ મીટરો રોજે રોજ ચેક કરવાના રહેશેઅને તેમાં ઉંદરે કોઈ નુકશાન કર્યુ હોય તો તે વાયરો બદલી નાખવાના રહેશે.

<u>અ.ન.૩ વાળા કર્મચારીએ કરવાની થતી કામગીરી :–</u>

(૧) સ્થંભતીર્થ કોમ્પ્લેક્ષ તથા ધર્મશાળા વિભાગની એ.સી./નોન એ.સી. રૂમ, હોલ તથા એ.સી./નોન એ.સી. હોલ, પાર્કીંગ હોલ, રસોડું વિગેરે સફાઈ કરવાની રહેશે.

(૨) સ્થંભતીર્થ કોમ્પ્લેક્ષ તથા ધર્મશાળા વિભાગમાં આવેલ રૂમોમાં ડબલ બેડની ચાદરો, ઓશીકાના કવર, ચાદર, ચોરસા, વિગેરે રોજે રોજ પાથરવા અને તે મેલી થયેલી ધોવા આપવી અને બીજી ચાદર પાથરવી.

(૩) ઉતારૂ ભાડે રાખનાર યાત્રીકના કોલ એટેન્ડેન્ટ કરવા તેમના જણાવ્યા મુજબ પીવાનું

પાણી, ચા, નાસ્તો વિગેરે લાવી આપવાના રહેશે.

(૪) ઉપરોકત ત્રણેય કર્મચારીએ બતાવેલ કામગીરી સિવાય ધર્મશાળાના કલાર્ક તથા ચીફ ઓફીસરશ્રી જે કામગીરી બતાવે તે મુજબ કામગીરી કરવાની રહેશે.

વધુમાં આ સિવાય કોઈપણ શરત ઉમેરવાની થાય કે રદ કરવાની થાય તો તે નગર પાલિકા ઉમેરી / રદ કરી શકશે અને તે તમામને બંધનકર્તા રહેશે અને આ શરતો ઉમેરવા / રદ કરવા અંગે પ્રમુખશ્રી, ચેરમેનશ્રી એકઝીકયુટીવ કમીટી તથા ચીફ ઓફીસરને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

# ખંભાત નગરપાલીકા, ખંભાત
## એકઝીકયુટિવ કમિટિ ઠરાવ નંબર. ૨૬૨
## તારીખ.૩૦–૧૧–૨૦૧૮

(૧) ઉપરોકત રીપોર્ટ વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકા સંચાલીત પુસ્તકાલયમાં પુસ્તકો આપવા લેવા માટે તથા પેપરો રજીસ્ટરમાં જમા લેવા માટે સ્મિતાબેન શૈલેશભાઈ શાહ ને એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૧૭ તારીખ.૨૦–૧૦–૨૦૧૮ થી તારીખ. ૦૧–૧૦–૨૦૧૮ થી ૩૦–૧૧–૨૦૧૮ સુધી બે માસ માટે ઉચ્ચક રૂપીયા.૩૦૦૦/– અંકે રૂપીયા ત્રણ હજાર પુરા થી કર્મચારી રાખવામાં આવેલ હતા જે કર્મચારીની મુદત તારીખ.૩૦–૧૧–૨૦૧૮ના રોજ પુર્ણ થતી હોવાથી સદર કર્મચારી સ્મિતાબેન શૈલેશ ભાઈ શાહ ઉચ્ચક માસિક રૂપીયા.૪૦૦૦/–અંકે રૂપીયા ચાર હજાર પુરાથી માહે – તારીખ.૦૧–૧૨–૨૦૧૮ થી તારીખ.૩૧–૦૧–૨૦૧૯ સુધી ૨(બે) માસ માટે રાખવા મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાતાં છુટા કરવાના રહેશે.

(૨) ઉપરોકત રીપોર્ટ વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકા વિસ્તારમાં ચાર બગીચાઓ આવેલા છે તે ચારેય બગીચાઓની કામગીરી કરાવવા માટે બગીચાઓમાં અપુરતો સ્ટાફ હોવાથી ચારેય બગીચાઓમાં સાફ સફાઈ, મહેંદી કટીંગ, લીલા ઘાસ કાપવા તથા ફુલ, છોડને પાણી પીવડાવવાની કામગીરી કરાવવા માટે એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૧૭ તારીખ.૨૦–૧૦–૨૦૧૮ થી તારીખ.૦૧–૧૦–૨૦૧૮ થી તારીખ.૩૦–૧૧–૨૦૧૮ સુધી બે માસ સુધી રાખવામાં આવેલ હતા જે કર્મચારીની મુદત તારીખ. ૩૦–૧૧–૨૦૧૮ના રોજ પુર્ણ થતી હોવાથી મજુર કામદારોને માહે તા.૦૧–૧૨–૨૦૧૮ થી ૩૧–૦૧–૨૦૧૯ સુધી બે (૨) માસ માટે નીચે જણાવેલ કર્મચારી રાખવા મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાતા છુટા કરવાના રહેશે.

| અ.ન. | કર્મચારીનું નામ | માસીક ઉચ્ચક પગાર |
|---|---|---|
| (૧) | નરેન્દ્ર હિમંતસીંહ પરમાર | રૂા.૫૧૩૨/– |
| (૨) | ધનશ્યામ કાંતીભાઈ ખલાસી | રૂા.૫૧૩૨/– |
| (૩) | ધીરજ જગદીશચંદ્ર પટેલ | રૂા.૫૧૩૨/– |
| (૪) | હર્ષાબેન શૈલેશભાઈ ખલાસી | રૂા.૪૯૮૫/– |
| (૫) | નાથાભાઈ નારણભાઈ સલાટ | રૂા.૫૧૩૨/– |
| (૬) | વિજય ચંદુભાઈ ચુનારા | રૂા.૫૧૩૨/– |

(૩) ઉપરોકત રીપોર્ટ વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકા અગાઉ બગીચા ખાતામાં તથા લાઈટ ખાતામાં જે નીચેના કર્મચારીઓ કામગીરી કરતા હતા જે કર્મચારીઓને એકઝી કયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૧૭ તારીખ.૨૦–૧૦–૨૦૧૮થી તેઓએ સેનીટેશન ખાતામાં સફાઈ અંગેની કામગીરી કરવા ઠરાવવામાં આવે છે. જે કર્મચારીની મુદત તારીખ.૩૦–૧૧–૨૦૧૮ના રોજ પુર્ણ થતી હોવાથી તેઓને તારીખ.૦૧–૧૨–૨૦૧૮

થી તારીખ.૩૧–૦૧–૨૦૧૯ સુધી બે માસ માટે નીચે જણાવેલ કર્મચારી રાખવા મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાતા છુટા કરવાના રહેશે.

| | | |
|---|---|---|
| (૧) | રમીલાબેન રમેશભાઈ હરીજન | રૂા.૪૯૮૫/– |
| (૨) | ઉર્મિલાબેન સોમાભાઈ હરીજન | રૂા.૪૯૮૫/– |
| (૩) | જયોતિબેન ઉમેશભાઈ હરીજન | રૂા.૪૯૮૫/– |
| (૪) | રાજન દીપકભાઈ હરીજન | રૂા.૫૧૩૨/– |
| (૫) | જયેશભાઈ એસ.હરીજન | રૂા.૫૧૩૨/– |
| (૬) | કમલેશભાઈ આર .હરીજન | રૂા.૫૧૩૨/– |
| (૭) | મનુભાઈ ઉકાભાઈ હરીજન | રૂા.૫૧૩૨/– |
| (૮) | ઈશ્વરભાઈ જે. હરીજન | રૂા.૫૧૩૨/– |

(૪) આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકાના જુદા જુદા વિભાગમાં નીચે જણાવેલ કર્મચારીઓને એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૧૭ તારીખ.૨૦–૧૦–૨૦૧૮ થી તારીખ.૦૧–૧૦–૨૦૧૮ થી તારીખ.૩૦–૧૧–૨૦૧૮ સુધી બે માસ માટે રાખવામાં આવેલ જેમાં તેઓને તારીખ.૦૧–૧૨–૨૦૧૮ થી તારીખ.૩૧–૦૧–૨૦૧૯ સુધી બે માસ માટે રાખવા મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાતાં છુટા કરવાના રહેશે.

| અ.ન. | કર્મચારીનું નામ | દૈનીક રોજ રૂપીયા. |
|---|---|---|
| (૧) | રવિકુમાર અમૃતલાલ રાણા (એકાઉન્ટ ખાતુ) | દૈનીક રોજ રૂા.૩૦૦/– |
| (૨) | મીતેષકુમાર જશવંતભાઈ જોષી(એકાઉન્ટખાતુ) | દૈનીક રોજ રૂા.૨૯૦/– |
| (૩) | પ્રકાશભાઈ જયંતીભાઈ ચુનારા(ગુ.વ્ય.વિભાગ) | દૈનીક રોજ રૂા.૨૯૦/– |
| (૪) | શૈલેશભાઈ ડાહયાભાઈ શાહ (લાઈટ ખાતુ) | દૈનીક રોજ રૂા.૩૧૩/૫૦ |
| (૫) | સોલંકી રાકેશકુમાર મગનભાઈ(બાંધકામખાતુ) | દૈનીક રોજ રૂા.૨૯૦/– |
| (૬) | સોમપુરા મૃગેનકુમાર પ્રકાશચંદ્ર(બાંધકામખાતુ) | દૈનીક રોજ રૂા.૨૯૦/– |
| (૭) | મહેશભાઈ જી. રાણા | દૈનીક રોજ રૂા.૨૫૪/– |

(૫) આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકાના લાઈટ વિભાગમાં મધ્ય ગુજરાત વિજ કંપની લીમીટેડના પત્ર નંબર. ૪૮૬ તારીખ.૨૨–૦૧–૨૦૦૩ મુજબ – વાયરમેનના પરવાના ધરાવતાં લાઈનમેન તથા સ્ટ્રીટ લાઈટના ફીકચરો લાવવા લઈ જવા માટે તથા નીસરણી ઉચકવા માટે એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૧૭ તારીખ. ૨૦–૧૦–૨૦૧૮ થી તારીખ.૦૧–૧૦–૨૦૧૮ થી તારીખ.૩૦–૧૧–૨૦૧૮ સુધી ૬ લાઈનમેન રાખવામાં આવેલ હતા. જેઓની મુદત તારીખ.૩૦–૧૧–૨૦૧૮ના રોજ મુદત પુર્ણ થતી હોવાથી સ્ટ્રીટ લાઈટની આવેલ ફરીયાદોના નિવારણ માટે ફરીવાર ૬ – લાઈનમેન રાખવાની જરૂરત હોવાથી જે નીચે જણાવેલ કર્મચારીને તારીખ.૦૧–૧૨–૨૦૧૮ થી તારીખ.૩૧–૦૧–૨૦૧૯ સુધી બે (૨) માસ માટે ઉચ્ચક માસીક પગારથી

રાખવા મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાતા છુટા કરવાના રહેશે.

| અ.ન. | કર્મચારીનુંનામ | | | માસીક ઉચ્ચક પગાર |
|---|---|---|---|---|
| (૧) | યોગેશકુમાર એસ. શાહ | | | રૂા.૫૭૪૭/– |
| (૨) | રાકેશકુમાર બી. રાણા | | | રૂા.૫૭૪૭/– |
| (૩) | નરેશકુમાર બી રાણા | | | રૂા.૫૭૪૭/– |
| (૪) | સોહેલ આઈ. મનસુરી | | | રૂા.૫૭૪૭/– |
| (૫) | રાકેશકુમાર આર. રાણા | | | રૂા.૫૭૪૭/– |
| (૬) | અરવિંદભાઈ બી. રાણા | | | રૂા.૫૧૩૨/– |

(૬) ઉપરોકત રીપોર્ટ વંચાણે લેતા વોટરવર્કસ વિભાગમાં પંપીગ મશીનરી ચલાવવા સાચવવા તથા વાલ્વ ઓપરેટ કરવા માટે કર્મચારીની ઘટ પડતી હોવાથી અગાઉ એકઝીકયુટીવ – કમીટી ઠરાવ નંબર.૨૧૭ તારીખ.૨૦–૧૦–૨૦૧૮ થી તારીખ.૦૧–૧૦–૨૦૧૮ થી તારીખ.૩૦–૧૧–૨૦૧૮ સુધી (૨) બે માસ માટે કુલ–૨૨ કર્મચારીને ઉચ્ચક પગારથી રાખવામાં આવેલ જેઓની મુદત તારીખ.૩૦–૧૧–૨૦૧૮ના રોજ પૂર્ણ થતી હોવાથી આગામી બે (૨) માસ તારીખ.૦૧–૧૨–૨૦૧૮ થી તારીખ.૩૧–૦૧–૨૦૧૯ સુધી માટે નીચે જણાવ્યા મુજબનાં કર્મચારીઓને તેમના નામ સામે દર્શાવેલ વેતનથી રાખવાના થતા હોઈ જેની વિગત નીચે મુજબ છે.

| ખાતાનું નામઃ–વોટર વર્કસ | | | |
|---|---|---|---|
| ક્રમ | કર્મચારીનું નામ | માસિક ઉચ્ચક | કલાક |
| ૧ | રઈજીભાઈ શંકરભાઈ ગોહેલ | ૬૬૫૫ | ૨૪ કલાક |
| ૨ | દેવજીભાઈ જેસીગભાઈ સોલંકી | ૬૬૫૫ | ૨૪ કલાક |
| ૩ | હર્ષદભાઈ અંબાલાલ મકવાણા | ૬૬૫૫ | ૨૪ કલાક |
| ૪ | દિપેશભાઈ અશોકભાઈ ઠાકોર | ૬૬૫૫ | ૨૪ કલાક |
| ૫ | સાજીદખાન ફીરોજખાન પઠાણ | ૭૨૬૦ | ૨૪ કલાક |
| ૬ | હીંમતભાઈ મફતભાઈ ચુનારા | ૬૦૫૦ | ૨૪ કલાક |
| ૭ | પઢીયાર રણજીતસીંહ અમરસીંહ | ૬૦૫૦ | ૨૪ કલાક |
| ૮ | નરેશભાઈ હરજીભાઈ રબારી | ૬૦૫૦ | ૨૪ કલાક |
| ૯ | દિનેશચંદ્ર ધનશ્યામલાલ પટેલ | ૬૦૫૦ | ૨૪ કલાક |
| ૧૦ | પ્રતાપભાઈ જી. ગરાસીયા | ૬૦૫૦ | ૨૪ કલાક |
| ૧૧ | ભાવેશ ગોવિંદભાઈ રબારી | ૬૦૫૦ | ૨૪ કલાક |
| ૧૨ | હીરેન ગોપાલદાસ રાણા | ૬૦૫૦ | ૨૪ કલાક |
| ૧૩ | ભરતકુમાર ગોવિંદભાઈ રબારી | ૬૦૫૦ | ૨૪ કલાક |
| ૧૪ | રાજેશ નરસીંહભાઈ હરીજન | ૬૦૫૦ | ૨૪ કલાક |
| ૧૫ | કમલેશ આશાભાઈ રાણા | ૬૦૫૦ | ૨૪ કલાક |

| | | | |
|---|---|---|---|
| ૧૬ | રવીભાઈ મગનભાઈ વાઘરી | ૬૦૫૦ | ૨૪ કલાક |
| ૧૭ | જયેશ બંસીભાઈ વાઘરી | ૬૦૫૦ | ૨૪ કલાક |
| ૧૮ | શૈલેષ ગણપતભાઈ ગોસ્વામી | ૬૦૫૦ | ૨૪ કલાક |
| ૧૯ | શબ્બીરભાઈ કાલુભાઈ મલેક | ૬૦૫૦ | ૨૪ કલાક |
| ૨૦ | કમલેશ મનુભાઈ પટેલ | ૬૦૫૦ | ૨૪ કલાક |
| ૨૧ | કલ્પેશકુમાર કનુભાઈ વાઘરી | ૬૦૫૦ | ૨૪ કલાક |
| ૨૨ | ઠાકોરલાલ નગીનદાસ રાણા | ૬૦૫૦ | ૨૪ કલાક |

આગળનાં રીપોર્ટમાં જણાવેલ ૧ થી ૨૨ ક્રમમાં જણાવેલ જે કર્મચારીઓની મુદત તારીખ. ૩૦–૧૧–૨૦૧૮ ના રોજ પુર્ણ થતી હોવાથી તારીખ.૦૧–૧૨–૨૦૧૮ થી તારીખ. ૩૧–૦૧–૨૦૧૯ સુધી બે માસ માટે સદર કર્મચારીઓને ક્રમ નં–૧ થી ૪ ને ઉચ્ચક પગારથી માસીક રૂપીયા. ૬૬૫૫/–થી ક્રમ નં–૫ સાજીદખાન ફીરોઝખાન પઠાણ ના ઉચ્ચક પગારથી માસીક રૂપીયા. ૭૨૬૦/– તથા ક્રમ નં–૬ થી ૨૨ ને ઉચ્ચક પગારથી માસીક રૂપીયા.૬૦૫૦/– પગારથી ૨૪કલાક વોટર વર્કસ વિભાગમાં પંપીગ મશીનરી ચલાવવા સાચવવા તથા વાલ્વ ઓપરેટ કરવા ફરીવાર રાખવા મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાતા છુટા કરવાના રહેશે.

(૭) ઉપરોકત રીપોર્ટ વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકાના બાંધકામ વિભાગ માટે એકઝીક્યુટીવ કમીટી ઠરાવ નંબર.૨૧૭ તારીખ.૨૦–૧૦–૨૦૧૮ થી તારીખ.૦૧–૧૦–૨૦૧૮ થી તારીખ.૩૦–૧૧–૨૦૧૮ સુધી બે (૨) માસ માટે રાખવામાં આવેલ જેની મુદત તારીખ.૩૦–૧૧–૨૦૧૮ના રોજ પુર્ણ થાય છે જેથી જુદા જુદા હેડ વર્કસ ઉપર અન્ય પાણીની લાઈનો દુરસ્ત કરવા તેમજ પ.વ.ડી. ખાતાનાં પરચુરણ કામો જેવા કે ગટરના ચેમ્બર કુંડીઓ વિગેરે રીપેરીગ કરવા અંગે જરૂરી ખોદાણ તથા પથ્થર લાદીઓનું લેવલીંગ કામ કરવાના કામે તથા અન્ય પરચુણ મજુરી કામ કરાવવા માટે બહારના પંદર (૧૫)મજુર કામદારો રોજંદારી દરથી રૂા.૨૩૫–૯૫ અંકે રૂપીયા બસો પાંત્રીસ અને પંચાણું પૈસા પુરા પ્રમાણે તારીખ.૦૧–૧૨–૨૦૧૮ થી તારીખ.૩૧–૦૧–૨૦૧૯ સુધી બે માસ માટે રાખવા મંજુર કરવામાં આવે છે તેમજ આ અંગેનો ખર્ચ મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાતા છુટા કરવાના રહેશે.

(૮) ઉપરોકત રીપોર્ટની વિગત વંચાણમાં લેતા ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ ગાંધીનગર – ધ્વારા મહાત્મા ગાંધી સ્વચ્છતા મીશન ૨૦૧૪–૧૯ હેઠળ શહેરની અંદર સોલીડ વેસ્ટની કામગીરી કામે/સફાઈ કામે જે.સી.બી. મશીન ખંભાત નગરપાલિકા ખાતે મળેલ છે જેને ચલાવવા ઓપરેટરની જરૂરીયાત હોઈ શ્રી રાજુભાઈ જીલુભાઈ પરમારને એકઝીક્યુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૧૭ તારીખ.૨૦–૧૦–૨૦૧૮ થી મળેલ મંજુરી મુજબ તારીખ. ૦૧–૧૦–૨૦૧૮ થી તારીખ.૩૦–૧૧–૨૦૧૮ સુધી રાખવા મંજુર કરવામાં આવેલ જેની સમય મર્યાદાની મુદત તારીખ.૩૦–૧૧–૨૦૧૮ના રોજ પુર્ણ થતી હોવાથી ફરીથી

બે (૨) માસ માટે તારીખ.૦૧–૧૨–૨૦૧૮ થી તારીખ.૩૧–૦૧–૨૦૧૯ સુધી માટે પ્રતિ માસ રૂપીયા.૮૨૫૦/– (ઉચ્ચક) પગારથી રાખવા મંજુર અને જરૂર ન જણાય તો છુટા કરવાના રહેશે.

(૯) ઉપરોકત રીપોર્ટ વિગત વંચાણમાં લેતા સેનીટેશન વિભાગમાં સફાઈની દેખરેખ રાખવા અને ગટર ગામના સુપરવીઝન કામે તેમજ રાત્રી દરમ્યાન સફાઈ કામ સુપરવીઝન માટે સ્ટાફની જરૂરીયાત હોઈ જેઓ ધણા સમયથી કામગીરી કરે છે માટે જેઓને નિયમિત કામગીરીને કારણે જાહેર રસ્તાઓ અને ગટરની ફરીયાદો નહીવત છે જેઓને એકઝી–કયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૧૭ તારીખ.૨૦–૧૦– ૨૦૧૮ થી મળેલ મંજુરી મુજબ તારીખ.૦૧–૧૦–૨૦૧૮ થી તા.૩૦–૧૧–૨૦૧૮ સુધી રાખવા મંજુર કરવામાં આવેલ જેની સમય મર્યાદાની મુદત તારીખ.૩૦–૧૧–૨૦૧૮ના રોજ પુર્ણ થતી હોવાથી ફરીથી બે (૨) માસ માટે તારીખ.૦૧–૧૨–૨૦૧૮ થી તારીખ.૩૧–૦૧–૨૦૧૯ સુધી માટે રાખવા થતો ખર્ચ મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાય તો છુટા કરવાના રહેશે.

| અ.નં. | નામ | સમય | પગાર (રૂા.) |
|---|---|---|---|
| ૧ | શ્રી અર્પણ એ દરબાર | ૧ માસ | માસીક રૂા.૫૯૮૯/– |
| ૨ | શ્રી કમલેશભાઈ એમ. રબારી | ૧ માસ | માસીક રૂા. ૫૫૦૫/– |
| ૩ | શ્રી જગદીશભાઈ જી. વણકર | ૧ માસ | માસીક રૂા. ૫૭૪૭/– |

(૧૦) આથી ઠરાવ કરવામાં આવે છે કે ચીફ ઓફીસર સાહેબ ની ભલામણ વંચાણે લેતા એકાઉન્ટ વિભાગમાં પટાવાળા ડાહયાભાઈ સોમાભાઈ રાણા ઉચ્ચક રૂા.૩૬૦૦/– માસીક વેતનથી એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૧૭ તારીખ.૨૦–૧૦–૨૦૧૮ થી બે માસની મુદત માટે ઠરાવ કરવામાં આવેલ જેની મુદત તારીખ.૩૦–૧૧–૨૦૧૮ના રોજ પુર્ણ થતી હોવાથી સદર કર્મચારી ડાહયાભાઈ સોમાભાઈ રાણાને રૂપીયા.૩૬૦૦/– માસીક વેતનથી ફરીવાર તારીખ.૦૧–૧૨–૨૦૧૮ થી તારીખ.૩૧–૦૧–૨૦૧૯ સુધી પુનઃ બે (૨) માસ માટે રાખવા મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાંતા છુટા કરવામાં આવશે.

(૧૧) ઉપરોકત રીપોર્ટ તથા ચીફ ઓફીસર સાહેબની ભલામણ વંચાણમાં લેતા ખંભાત નગર પાલિકામાં નગરપાલિકાના ઓફીસ વિભાગ માટે હાલમાં ફરજ બજાવતાં શ્રી બંસીલાલ શંકરલાલ રાવને માસીક ઉચ્ચક પગાર રૂપીયા.૫૦૦૦/–પુરાથી એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૧૭ તારીખ.૨૦–૧૦–૨૦૧૮ માહે તારીખ.૦૧–૧૦–૨૦૧૮ થી – તારીખ.૩૦–૧૧–૨૦૧૮ ના બે માસનો ઠરાવ કરવામાં આવેલ છે જેની મુદત તારીખ. ૩૦–૧૧–૨૦૧૮ના રોજ પુર્ણ થતી હોવાથી જેથી તેઓનો તારીખ.૦૧–૧૨–૨૦૧૮ થી તારીખ.૩૧–૦૧–૨૦૧૯ સુધી બે (૨) માસનો ઠરાવ માસીક રૂપીયા.૫૦૦૦/–થી ઠરાવ કરવામાં આવે છે અને જરૂર ન જણાતાં છુટા કરવાના રહેશે.

(૧૨) ઉપરોકત રીપોર્ટની ભલામણ વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકામાં નગરપાલિકા ની કામગીરી કરવા માટે નગરપાલિકાના નિવૃત્ત કર્મચારી શ્રી સોમાભાઈ ગોરધન–ભાઈ રાણાને પટાવાળા તરીકે કામગીરી કરવા રાખવા માટે અગાઉ ના વર્ષોમાં જે કામ કરી ચુકેલા છે તેઓને એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૧૭ તા.૨૦–૧૦–૨૦૧૮ થી તેમને તા.૦૧–૧૦–૨૦૧૮ થી તા.૩૦–૧૧–૨૦૧૮ સુધી ઠરાવ કરવામાં આવેલ છે જેની મુદત તારીખ.૩૦–૧૧–૨૦૧૮ના રોજ પુર્ણ થતી હોવાથી જેમાં તેઓને તારીખ.૦૧–૧૨–૨૦૧૮ થી તારીખ.૩૧–૦૧–૨૦૧૯ સુધી સદર કર્મચારી ને માસીક રૂપીયા. ૩૦૦૦/– અંકે રૂપીયા ત્રણ હજાર પુરાથી બે (૨) માસ માટે રાખવા ઠરાવવામાં આવે છે અને તેઓએ રવિવાર તથા જાહેર રજાના દિવસો એ પણ ફરજ બજાવવાની રહેશે અને જરૂર ન જણાતાં છુટા કરવાના રહેશે.

(૧૩) ઉપરોકત રીપોર્ટ વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકાના ફાયર વિભાગ માટે હાલમાં ફરજ બજાવતાં (૧) મોહંમદઅશ્કરી એ.મીર્ઝા ને રોજના રૂપીયા.૩૦૦/–થી એકઝી કયુટીવકમીટી ઠરાવ નંબર.૨૧૭ તારીખ.૨૦–૧૦–૨૦૧૮ થી તેમને તારીખ.૦૧–૧૦–૨૦૧૮ તારીખ.૩૦–૧૧–૨૦૧૮ સુધી બે (૨) માસનો ઠરાવ કરવામાં આવેલ છે. જેની મુદત તારીખ.૩૦–૧૧–૨૦૧૮ના રોજ પુર્ણ થતી હોવાથી તેઓને તારીખ. ૦૧–૧૨–૨૦૧૮ થી તા.૩૧–૦૧–૨૦૧૯ સુધી બે (૨) માસનો ઠરાવ રોજના રૂપીયા.૩૦૦/–થી ઠરાવ કરવામાં આવે છે અને જરૂર ન જણાતાં છુટા કરવાના રહેશે.

(૧૪) ખંભાત નગરપાલિકામાં નગરપાલિકાની તમામ મીલકતો નો રેકોર્ડ કંમ્પલીટ – કરવા તેમજ તેને લગતી તમામ કામગીરી કરવા નગરપાલિકાના નિવૃત્ત કર્મચારી (૧) શ્રી કમલેશકુમાર પી. શાહ તથા કમીટી કલાર્ક, એસેટ કલાર્કની કામગીરી માટે અગાઉના વર્ષોમાં કામ કરી ચુકેલા અને અનુભવી નગરપાલિકાના નિવૃત્ત કર્મચારી (૨) શ્રી જગદીશકુમાર એમ. કડીયા ને ઓફીસમાં નગરપાલિકામાં સ્ટોર કીપર તથા જરૂર જણાયે તમામ કામગીરી કરાવવા માટે અનુભવી નિવૃત્ત કર્મચારી તથા વોટર વર્કસ વિભાગ માટે (૩) શ્રી કમલેશકુમાર એમ. પંચાલ (૪) શ્રી મનુભાઈ આર પટેલ ને વોટર વર્કસ ખાતામાં (૫) શ્રી અબ્દુલકાદર આઈ શેખ. સામુદાઈક વિકાસ યોજના ખાતામાં રોજના રૂપીયા.૨૫૦/– અંકે રૂપીયા બસો પચાસ પુરા થી એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૧૭ તારીખ.૨૦–૧૦–૨૦૧૮ થી તેમને તારીખ.૦૧–૧૦–૨૦૧૮ થી તારીખ. ૩૦–૧૧–૨૦૧૮ સુધી બે (૨) માસનો ઠરાવ કરવામાં આવેલ છે. જેથી તેઓની મુદત તારીખ.૩૦–૧૧–૨૦૧૮ના રોજ પુર્ણ થતી હોવાથી તેઓને તારીખ.૦૧–૧૨–૨૦૧૮ થી તારીખ.૩૧–૦૧–૨૦૧૯ સુધી બે (૨) માસનો ઠરાવ રોજના રૂપીયા. ૨૫૦/–અંકે રૂપીયા બસો પચાસ પુરા રોજ થી રાખવા ઠરાવ કરવામાં આવે છે અને જરૂર ન જણાતાં છુટા કરવાના રહેશે તથા શ્રી શૈલેષકુમાર એસ. શાહ કોમ્પ્યુટર વિભાગમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવે છે અને તેઓ તારીખ.૩૦–૧૧–૨૦૧૮ના રોજ નિવૃત્ત

થતાં હોઈ અને અગાઉ કામ કરી ચુકેલા અને વર્ષોના અનુભવી હોઈ તેમને તારીખ.–૦૧–૧૨–૨૦૧૮ થી તારીખ.૩૧–૦૧–૨૦૧૯ સુધી બે (૨) માસનો ઠરાવ રોજના રૂપીયા.૨૫૦/– અંકે રૂપીયા બસો પચાસ પુરાથી રાખવા ઠરાવ કરવામાં આવે છે અને જરૂર ન જણાતાં છુટા કરવામાં આવશે.

(૧૫) ઉપરોકત રીપોર્ટ તથા ચીફ ઓફીસર સાહેબની ભલામણ વંચાણમાં લેતા ખંભાત નગર પાલિકાના ફાયર બ્રિગેડ વિભાગ માટે કર્મચારીઓની ઘટ હોવાથી અગાઉ એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૧૭ તારીખ.૨૦–૧૦–૨૦૧૮થી તેમને તારીખ.૦૧–૧૦–૨૦૧૮ થી ૩૦–૧૧–૨૦૧૮ સુધી બે (૨) માસ માટે સાત કર્મચારીઓને ઉચ્ચક પગારથી રાખવામાં આવેલ છે જે કર્મચારીઓની તારીખ.૩૦–૧૧–૨૦૧૮ના રોજ મુદત પુર્ણ થતી હોવાથી તારીખ.૦૧–૧૨–૨૦૧૮ થી તારીખ.૩૧–૦૧–૨૦૧૯ સુધી બે (૨) માસ માટે ઉચ્ચક પગારથી રાખવા મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાતાં છુટા કરવામાં આવશે.

| અ.ન. | કર્મચારીનું નામ | માસીક ઉચ્ચક પગાર |
|---|---|---|
| (૧) | મહેશભાઈ મગનભાઈ હરીજન | રૂપીયા.૫૧૩૨/– |
| (૨) | સુરેશભાઈ નટવરભાઈ હરીજન | રૂપીયા.૫૧૩૨/– |
| (૩) | કમલેશભાઈ બંસીભાઈ હરીજન | રૂપીયા.૫૧૩૨/– |
| (૪) | બરકતઅલી હસનઅલી સૈયદ | રૂપીયા.૭૦૦૦/– |
| (૫) | વિમલગીરી રમણગીરી ગોસાંઈ | રૂપીયા.૭૦૦૦/– |

નોંધ:–દૈનીક રોજ રૂપીયા.૩૦૦/–થી વધારો થતો હોય તેવો કોઈપણ કર્મચારીનો એકઝીકયુટીવ ઠરાવ નંબર.૩૭ તારીખ.૧૯–૦૪–૨૦૧૭થી ઠરાવ્યા મુજબનો વધારો કરવાનો રહેશે નહી તે મુજબ પણ ઠરાવવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૬૩
## તારીખ.૩૦–૧૦–૨૦૧૮

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકાની માલીકીની ધર્મશાળાના વહીવટી સંચાલન સંબંધી શરતો નીચે મુજબ નકકી કરવા ઠરાવવામાં આવે છે.

**શરતો.**

(૧) આ ધર્મશાળામાં ઉતરનાર દરેક મુસાફરોને મ્યુની. એ મંજુર કરેલા ધર્મશાળાના નિયમોને અનુસરીને ઉતરવા દેવામાં આવશે.

(૨) ધર્મશાળામાં ઉતરવા ઈચ્છનારે ત્યાંના કર્મચારીશ્રીની રજા લઈને અંદર દાખલ થવાનું રહેશે.

(૨/૧) ધર્મશાળા વિભાગની એ.સી./નોન.એ.સી. હોલ અને એ.સી./નોન એ.સી. રૂમો ૩૦ (ત્રીસ) દિવસમાં ડીપોઝીટની રકમ જમા કરાવેથી બુકીગ કરી શકાશે તથા અરજદારને સંજોગોવશાત બુકીગ રદ કરાવવાનું થાય તો બુકીંગની તારીખથી દિન–૭ (સાત) માં રદ કરાવશે તો ભરેલી ડીપોઝીટ રકમમાંથી ૨૫ (પચ્ચીસ) ટકા તથા ૭(સાત) દિવસ ઉપરાંત સમયમાં બુકીંગ રદ કરાવશે તો તેની ડીપોઝીટ ૫૦ (પચાસ) ટકા રકમ કાપી બાકીની ડીપોઝીટ પરત આપવામાં આવશે.

(૨/૨) ધર્મશાળા વિભાગની એ.સી./નોન.એ.સી. હોલ અને એ.સી./નોન એ.સી. રૂમો અરજદારે બુકીંગ કરાવ્યા બાદ નગરપાલિકા પ્રસંગોપાત બુકીંગ રદ કરી શકશે તેવા સંજોગોમાં ભરેલ ડીપોઝીટની રકમ પુરેપુરી પરત આપવામાં આવશે.

(૨/૩) ધર્મશાળામાંથી એકસ્ટ્રા સ્યુટ માટેનો ચાર્જ રૂપીયા. ૧૫૦૦/– ચુકવવાનો રહેશે.

(૩) ધર્મશાળામાં ઉતરનારની ઓળખ માટે ચુંટણી કાર્ડ, આધાર કાર્ડ, પાન કાર્ડ, વિગેરે આઈ.ડી. પ્રુફ માંથી કોઈ પણ એક આઈ.ડી.પ્રુફ ઓરીજીનલ (અસલ) તથા તેની ઝેરોક્ષ રજુ કરવાના રહેશે રૂમમાં ઉતરનાર દરેક વ્યકિતનું આઈ.ડી. પ્રુફ સેલ્ફ એટેસ્ટેડ આપવું ફરજીયાત રહેશે.

(૪) ધર્મશાળામાં સાત (૭) દિવસ સુધી રહેવા દેવામાં આવશે ત્યાર બાદ મુસાફરને રહેવું હશે તો ખંભાત નગરપાલિકાના પ્રમુખશ્રીની લેખીત અરજી કરી તેની લેખીત પરવાનગી મેળવવાની રહેશે ત્યાર બાદ વધારાના દિવસો રહેવા દેવામાં આવશે.

(૫) ધર્મશાળા તરફથી રૂમ લાઈટ, પંખા, પલંગ, ગાદલા, ઓશીકા, રજાઈ, ટી.વી., ફ્રીઝ, વાસણો વિગેરે વસ્તુઓ આપવામાં આવે તેને સંભાળીને વાપરવાની રહેશે અને તેને કોઈપણ જાતનું નુકશાન કરવું નહી આ વસ્તુઓ બદલ જેટલા દિવસ રહેવાનું હોય તે દિવસોનું ભાડુ અગાઉથી ડીપોઝીટ તરીકે જમા લેવામાં આવશે અને તેનું દરરોજનું નીચે જણાવ્યા મુજબ મેઈન્ટેનન્સ ચાર્જ લેવામાં આવશે અને જો નુકશાન કરવામાં આવશે તો નુકશાન થયેલ નુકશાનીની રકમ વાપરનાર ઈસમ પાસેથી વસુલ લેવામાં આવશે.

(૬) ધર્મશાળા તરફથી યાત્રીક ભવનમાં પલંગ, ગાદલું, ઓશીકું, રજાઈ સવલત જેટલા દિવસ ઉતારો હોય તેનાથી રૂપીયા.૧૦૦/– લેખે ગુણી જે રકમ થાય તેટલી રકમ

એડવાન્સ જમા લેવામાં આવશે અને દરરોજ સાંજના ૭–૦૦થી સવારના ૭–૦૦ કલાક સુધીનો ચાર્જ રૂપીયા.૫૦/– લેખે વ્યકિત દિઠ વસુલ લેવામાં આવશે.

(૭) ધર્મશાળા તરફથી નોન એ.સી. રૂમોમાં ફ્રીઝ, ટી.વી. કબાટ, ટીપોઈ, ડબલ બેડ, ગોદડા, ઓશીકું, રજાઈ, સંડાસ, બાથરૂમ સવલત સાથે આપવામાં આવશે જેટલા દિવસનો ઉતારો હોય તેનાથી રૂા.૩૦૦/– પ્રતિ દિન લેખે ગુણી જે રકમ થાય તેટલી રકમની ડીપોઝીટ રકમ જમા કરાવવાની રહેશે.

| અ.ન. | વિગત | ભાડાની રકમ |
|---|---|---|
| (૧) | નોન એ.સી. રૂમ પ્રતિ દિન | રૂપીયા. ૩૦૦/– |
| (૨) | વધારાના વ્યકિત દીઠ પ્રતિ દિન | રૂપીયા. ૧૦૦/– |

(૮) ધર્મશાળા તરફથી એ.સી. રૂમોમાં ફ્રીઝ, ટી.વી. કબાટ, ટીપોઈ, ડબલ બેડ, ગોદડા, ઓશીકું, રજાઈ, સંડાસ, બાથરૂમ સવલત સાથે આપવામાં આવશે જેટલા દિવસનો ઉતારો હોય તેનાથી રૂા.૮૦૦/–લેખે ગુણી જે રકમ થાય તેટલી રકમની ડીપોઝીટ રકમ જમા કરાવવાની રહેશે.

| અ.ન. | વિગત | ભાડાની રકમ |
|---|---|---|
| (૧) | એ.સી. રૂમ પ્રતિ દિન | રૂપીયા.૮૦૦/– |
| (૨) | વધારાના વ્યકિત દીઠ પ્રતિ દિન | રૂપીયા. ૧૦૦/– |

(૯) ધર્મશાળા તરફથી નોન એ.સી. હોલમાં ખુરશી નંગ–૫૦૦ તથા એક એ.સી.રૂમ સવલત આપવામાં આવશે જેની ડીપોઝીટની રકમ રૂપીયા.૧૨૦૦૦/– એડવાન્સ જમા કરાવવાની રહેશે.આ હોલ સવારના ૭–૦૦ થી સાંજના ૭–૦૦ કલાક સુધી નો રહેશે ત્યાર બાદના સમયનો વધારાનો દિવસ ગણી ચાર્જ વસુલ કરવામાં આવશે ધર્મશાળાના નિયમ પ્રમાણે સમય મર્યાદામાં નોન એ.સી.હોલ ખાલી કરવામાં નહી આવે તો તેનો બીજા દિવસનો વધુ ચાર્જ લેવામાં આવશે.

| અ.ન. | વિગત | ભાડાની રકમ |
|---|---|---|
| (૧) | નોન એ.સી. હોલ (બીજે માળ) | રૂપીયા. ૬૦૦૦/– |
| (૨) | રસોડુ રાખેલ હોય તો | રૂપીયા. ૩૦૦૦/– |
| (૩) | ગેસ બીલ યુનીટ પ્રમાણે ભરપાઈ કરવાનું રહેશે. | |

(૧૦) ધર્મશાળા તરફથી એ.સી.હોલમાં ખુરશી નંગ. ૩૦૦ તથા એક સી. રૂમ (ટી.વી.– કબાટ, ટીપોઈ, ડબલ બેડ, ગાદલા, ઓશીકા, રજાઈ વિ.) બે ખુરશી તથા સંડાસ, બાથરૂમ સવલત સાથે આપવામાં આવશે જેની ડીપોઝીટની રકમ રૂપીયા.૧૨૦૦૦/- એડવાન્સ જમા કરાવવાની રહેશે.

| અ.ન. | વિગત | ભાડાની રકમ |
|---|---|---|
| (૧) | એ.સી. હોલ (બીજે માળ) પ્રતિ એક કલાકના | રૂપીયા. ૧૨૫૦/– |
| (૨) | રસોડુ રાખેલ હોય તો | રૂપીયા. ૩૦૦૦/– |
| (૩) | ગેસ બીલ યુનીટ પ્રમાણે ભરપાઈ કરવાનું રહેશે. | |

(૧૧) ધર્મશાળા તરફથી પાર્કીંગમાં આવેલ એ.સી.હોલમાં ખુરશી–૨૫૦ તથા એક રૂમ, એ.સી. તથા ટી.વી., કબાટ, ટીપોઈ, ડબલ બેડ,(ગાદલા, ઓશીકા, રજાઈ વિગેરે)

બે ખુરશી તથા સંડાસ બાથરૂમ સવલત સાથે આપવામાં આવશે જેથી ડીપોઝીટની રકમ રૂપીયા.૧૫૦૦૦/– એડવાન્સ જમા કરાવવાની રહેશે.

| અ.ન. | વિગત | ભાડાની રકમ |
|---|---|---|
| (૧) | પાર્કીંગમાં એ.સી.હોલ આવેલ પ્રતિ એક કલાકના | રૂપીયા. ૧૦૦૦/– |
| (૨) | રસોડુ રાખેલ હોય તો | રૂપીયા. ૩૦૦૦/– |
| (૩) | ગેસ બીલ યુનીટ પ્રમાણે ભરપાઈ કરવાનું રહેશે. | |

(૧૨) સ્થંભતીર્થ કોમ્પ્લેક્ષમાં આવેલ પાર્કીંગમાં નીચે જણાવેલ મુજબ અરજદાર પાસેથી થી ચાર્જવસુલ કરવાનો રહેશે.

| અ.ન. | વિગત | ભાડાની રકમ |
|---|---|---|
| (૧) | ફોર વ્હીલ બાર કલાકના | રૂપીયા. ૨૦/– |
| (૨) | ટુ વ્હીલ બાર કલાકના | રૂપીયા. ૫/– |

(૧૩) ધર્મશાળામાં ઉતરનાર દરેક મુસાફરે પોત પોતાનો સર–સામાન તથા જોખમકારક વસ્તુઓ પોતે સાચવીને રાખવાની રહેશે તેની સલામતી માટે ધર્મશાળાના કોઈપણ કર્મચારી જવાબદાર ગણાશે નહી અને રહેશે નહી.

(૧૪) ધર્મશાળાનો દરવાજો સવારના ૦૬–૩૦ કલાકે ખોલવામાં આવશે અને રાત્રીના ૧૧–૩૦ કલાકે બંધ કરવામાં આવશે રાત્રીના ૧૧–૩૦ કલાક બાદ ખાસ કારણ સિવાય ઉઘાડવામાં આવશે નહી.

(૧૫) ધર્મશાળામાં ગંદકી કરવી નહી તેમજ ધર્મશાળાની દિવાલ કે બારી બારણા ઉપર કોઈ જાતનું લખાણ લખવું નહી તેમજ પાણીના નળ તથા બીજા સાધનો ને નુકશાન કરવું નહી તથા જરૂર ન જણાય તેવા ઈલેકટ્રીક લાઈટ, પંખા વિગેરે બંધ રાખવા અને ધર્મશાળા બહાર જતા અગાઉ બંધ કરીને નીકળવું.

(૧૬) ધર્મશાળામાં રસોડું કે રસોઈ કરવાની સખ્ત મનાઈ છે ધર્મશાળામાં ગેરકાનુની અગર સળગી ઉઠે તેવો કોઈ પણ પદાર્થ લાવવા દેવામાં આવશે નહી અને જો તેઓ ચોરી છુપીથી કોઈપણ મુસાફર લઈને આવ્યા હશે તો તેઓની ડીપોઝીટ જપ્ત – કરવામાં આવશે અને તેનાથી જો કોઈ વધુ નુકશાન થશે તો તે સદર મુસાફર – પાસેથી વસુલ કરવામાં આવશે અને તેની સામે કાયદેસરની ફરીયાદ સહીતના – પગલા ભરવામાં આવશે.

(૧૭) ધર્મશાળામાં કોઈપણ મુસાફર વેશ્યા વૃત્તિ અગર કોઈપણ શક પડતી વ્યકિતને સાથે લઈને આવશે તો તેવા મુસાફરને ધર્મશાળામાં ઉતરવા દેવામાં આવશે નહી છતાં તે મુજબ માલુમ પડશે તો તેની ડીપોઝીટ જપ્ત કરી તાત્કાલીક અસરથી ધર્મશાળા બહાર કાઢી મુકવામાં આવશે તથા તેમને પોલીસ તંત્રને હવાલે કરવામાં આવશે.

(૧૮) ધર્મશાળામાં ઉતરેલા મુસાફર રૂમને તાળુ મારી રાતના વખતે મંજુરી મેળવ્યા સિવાય બહાર રહેશે અગર તો બહારગામ જતા રહેશે તો દિન–ત્રણ બાદ રૂમનો કબજો પંચોની રૂબરૂ લેવામાં આવશે તેની ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

(૧૯) મુસાફરે રૂમ લેવા તથા એ.સી.તથા નોન એ.સી.હોલ લેવા અર્થે ઓળખ માટે ચુંટણી કાર્ડ, આધાર કાર્ડ, પાન કાર્ડ, ડ્રાઈવીંગ લાયસંસ વિગેરે પુરાવાઓ ફરજીયાત આપવાના રહેશે.

(૨૦) મુસાફર રૂમમાં અથવા હોલમાં કોઈ આકસ્મીક બિમાર પડે અથવા જાન હાની થાય તો તેની કોઈપણ જાતની જવાબદારી નગરપાલિકાની રહેશે નહી.

(૨૧) ધર્મશાળામાં રહેલ મુસાફર રહેવા માટે એ.સી. તથા નોન એ.સી. રૂમો માટે ચેક આઉટનો સમય સવારે ૯–૦૦ કલાકનો રહેશે ત્યાર બાદ બીજો દિવસ ગણવાનો રહેશે તથા એ.સી. તથા નોન એ.સી. હોલ રાખનારનો ચાર્જ સવારના ૭–૦૦ થી સાંજના ૭–૦૦ સુધીનો રહેશે.

(૨૨) નોન એ.સી. હોલ દર બે કલાક માટે મીટીગ અગર તો કોન્ફરન્સ માટે રાખવો હોય તો તેના રૂપીયા.૧૫૦૦/–ચુકવવાના રહેશે અને તેમાં ૫૦૦ ખુરશીઓ આપવામાં આવશે આપવામાં આવશે તેમજ એ.સી.રૂમ રાખવી હોય તો તેના રૂપીયા.૧૨૫૦/– અલગથી ચુકવવાના રહેશે.

(૨૩) ધર્મશાળામાં કોઈ મુસાફરને બિમાર કે કોઈ ચેપી રોગ હશે તેવા મુસાફરને રહેવા (ઉતરવા) માટે જગ્યા આપવામાં આવશે નહી.

(૨૪) ધર્મશાળામાં ડોરેમેટરીમાં કે રૂમ ભાડે રાખનાર મુસાફર માંસાહાર કે દારૂ, ગાંજો, ચરસ જેવા કેફી પદાર્થોનું સેવન કરી શકશે નહી.

(૨૫) ધર્મશાળામાં કોઈ વાદ વિવાદનો પ્રસંગ બને તેવા સમયે ન્યાયિક ક્ષેત્ર ખંભાત જયુડીશીયલ રહેશે.

વધુમાં આ સિવાય કોઈપણ શરત ઉમેરવાની થાય કે રદ કરવાની થાય તો તે નગર પાલિકા ઉમેરી / રદ કરી શકશે અને તે તમામને બંધનકર્તા રહેશે અને આ શરતો ઉમેરવા / રદ કરવા અંગે પ્રમુખશ્રી, ચેરમેનશ્રી એકઝીકયુટીવ કમીટી તથા ચીફ ઓફીસરને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી<br>
ચેરમેન<br>
એકઝીકયુટીવ કમીટી<br>
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ<br>
સહી. પિન્કીબેન કેતનકુમાર રાણા<br>
સહી. શંકુતલાબેન બાબુભાઈ રાવળ<br>
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા<br>
સહી. નિશાદબાનુ મોહંમદસોએબ મનસુરી<br>
સહી. કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતી<br>
સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ<br>
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી